# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨/ક્વા-૧/૨૧-૨૨/૪૧૩૫-૯ તા.૦૬.૦૭.૨૦૨૧**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૨/ક્વા-૧/૨૧-૨૨**

અરજદાર: મીનાબેન લાલીતભાઈ સખીયા ગામ: રાજકોટ
પેટા વિભાગીય કચેરી: આજી-૨
રજૂઆત કરનાર: અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે શ્રી લલિતભાઈ ડી. સખીયા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા પક્ષકાર-૧ : કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૧
રજૂઆત કરનાર : કા.વા. નાયબ ઈજનેર શ્રી બી.એમ.કોટડીયા, પીજીવીસીએલ પે.વિ.ક. આજી-૨, રાજકોટ
તથા નાયબ અધિક્ષક શ્રી એમ.એસ.ઓઝા, પીજીવીસીએલ પે.વિ.ક. આજી-૨, રાજકોટ

સામાવાળા પક્ષકાર-૨ : એનર્જી એફીસિઅન્સી સર્વિસીઝ લીમીટેડવતી તેના પ્રતિનિધિ તરીકે સીનીયર એન્જી.
શ્રી દર્શન વોરા હાજર રહેલ છે.

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૯-૦૬-૨૧ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૯-૦૬-૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજૂઆતમાં જણાવે છે કે તેઓના ગ્રા.નં.૮૭૨૦૪/૧૭૭૪૮/૭ છેલ્લા ૦૬ (છ) બીલમાં ઉજાલા ચાર્જ ચડીને આવેલ છે. અરજદાર જણાવે છે કે તેઓએ **LED** લાઈટ તથા બલ્બ કેશથી લીધેલા છે. તેઓ દ્વારા ઉજાલા ચાર્જની કપાત અંગે તા.૨૧.૦૧.૨૦૨૦ ના રોજ સબંધક પેટાવિભાગીયમાં જાણ કરેલ ત્યારબાદના બિલથી ઉજાલા ચાર્જની કપાત બંધ થઇ ગયેલ છે. પરંતુ ઉજાલા ચાર્જ હેઠળ કપાત થયેલ રકમ રૂ. ૮૪૩.૩૭

આજ દિન સુધી મજરે મળેલ ન હોય અરજદાર દ્વારા સદર ચાર્જ જમા આપવા માટે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

૨.૧ ફોરમ કમિટીની સુનાવણી દરમિયાન અરજદાર દ્વારા રોકડેથી ખરીદ કરેલ ઉજાલા બલ્બના બીલની નકલ રજુ કરેલ હતી.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે આજી-૨ પેટા વિભાગનાં ગ્રાહક કૌશિકાબેન રાજેશભાઈ સખીયાના ઘરવપરાશ જોડાણ નં.૮૭૨૦૪/૧૭૭૪૮/૭ માં માહે જાન્યુ.-ફેબ્રુ. ૨૦૧૯ થી નવે.-ડીસે. ૨૦૧૯ સુધીના વીજબીલમાં રૂપિયા ૮૪૩.૩૭ ઉજાલા ચાર્જ તરીકે બાકી રકમ આવેલ જેની જાણકારી સબડીવીઝનમાં કરવાં છતાં પરત કરાયેલ નથી સદર બાબતે પીજીવીસીએલ પક્ષકાર જણાવે છે કે ઉજાલા ચાર્જની ગ્રાહક ખાતે ડેબીટ કરેલી રકમ **EESL** કંપનીના ડેટા આધારિત કરવામાં આવેલ છે.

૩.૧ ગ્રાહકે ઉજાલા ઉપકરણ રોકડેથી લીધેલ અને તેમની મૌખિક રજુઆતનાં આધારે આજી-૨ સબડીવીઝન દ્વારા વધારાનાં ચડત હપ્તા જાન્યુ.-ફેબ્રુ. ૨૦૨૦ થી બંધ કરવામાં આવેલ છે. હવે પછી જમા આપવાની કાર્યવાહી અંગે હાલમાં એલટી બિલીંગ સીસ્ટમમાં નિગમિત કચેરી દ્વારા કોઈ કોડ કે સુચના મળેલ નથી. તેમજ ઉજાલા ચાર્જની ફરિયાદો બાબતે **EESL** કંપનીનાં પ્રતિનિધીને ડેટા સાથે રૂબરૂ હાજર રહેવા **CGRF** સમક્ષ જણાવેલ છે અને એલટી બિલીંગમાં જમા આપવાની કાર્યવાહી નિગમિત કચેરીનાં આદેશ મુજબ જેતે કોડમાં જમા આપવાની સ્પષ્ટ સુચના મળ્યા બાદ જમા આપવાની કાર્યવાહી કરવામાં આવશે તેમજ સદર બાબતની જાણકરી અરજદારને અપાયેલ છે.

## :: ઈ.ઈ.એસ.એલ.ની રજૂઆત ::

૪.૦ અરજદારની ફરિયાદ અન્વયે EESL દ્વારા ઈમેઈલ તા.૦૭-૦૬-૨૦૨૧ થી જણાવેલ કે ગ્રા.નં. ૮૭૨૦૪/૧૭૭૪૮/૭ અન્વયે ઉજાલા એપ્લાયન્સીસ હપ્તેથી ખરીદ કરાયેલ છે જે અંતર્ગત EESL કંપની દ્વારા કેશ મેમોરેન્ડમ અને સમંતિપત્રક (ડેબીટ બીલ) રજુ કરેલ છે તેની સાથે અરજદારનું માહે નવે.-ડીસે. ૨૦૧૬નું વીજબીલની નકલ અને આધારકાર્ડની નકલ જોડેલ છે.

## :: હુકમ ::

૫.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૫.૧ અરજદારની રજૂઆત અન્વયે પેટા વિભાગીય કચેરી આજી-૨ના કાર્યક્ષેત્ર હેઠળના ગ્રા.નં.૮૭૨૦૪/૧૭૭૪૮/૭ થી રહેણાક વીજજોડાણ મીનાબેન લલીતભાઈ સખીયાના નામે ધરાવે છે. તેઓના સદર વીજબીલમાં ઉજાલા સાધનો રોકડેથી ખરીદ કરેલ હોવા છતા વીજબીલમાં ઉધાર આવવા બાબતે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૫.૨ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૦ મુજબ **EESL** કંપની દ્વારા અપાયેલ ડેટા મુજબ સદર ગ્રાહકના વીજબિલમાં ઉજાલા ચાર્જની રકમ પીજીવીસીએલ કંપની દ્વારા ઉધારેલ છે.

૫.૩ ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરેલ રજૂઆત મુદ્દા નં. ૩.૧ મુજબ અરજદારના ઉજાલા એપ્લાયન્સીસની હપ્તેથી કરેલ ખરીદી અન્વયે માહે જાન્યુ.-ફેબ્રુ. ૨૦૧૯ થી નવે.-ડીસે. ૨૦૧૯ સુધીમાં કુલ રૂ.૮૪૩.૩૭ વીજબિલમાં આકારણી કરેલ છે. સદર બાબતે અરજદારની અરજીના આધારે પીજીવીસીએલની નિગમિત કચેરીની ગાઈડલાઈન્સ મુજબ વીજબીલમાં ઉજાલા ચાર્જ ન આવે તે બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સીસ્ટમમાં તા.૨૧-૦૧-૨૦૨૦ થી ઈ-ઉર્જા સીસ્ટમમાં રજીસ્ટ્રેશન કરેલ છે.

૫.૪ EESL દ્વારા રજૂ કરવામાં આવેલ કેશ મેમોરેન્ડમ અને સમંતિપત્ર (ડેબીટ ઇન્વોઇસ) તા. ૨૦.૦૨.૨૦૧૭ નું છે જેમાં ૦૪ એલ.ઈ.ડી. ટ્યૂબ લાઈટ રૂ.૨૩૦/- લેખે બતાવેલ છે. જેમાં ગ્રાહકનું નામ, મોબાઈલ નંબર અને સહી છે જે અવાચ્ય છે.

૫.૫ અરજદારની રજૂઆત મુજબ તેઓ દ્વારા પીજીવીસીએલના કાઉન્ટર પરથી તા.૩૦/૦૧/૨૦૧૭ ના રોજ ૧૦ (દસ) નંગ ઉજાલા બલ્બ અને તા.૨૦/૦૨/૨૦૧૭ ના રોજ ૬ (છ) નંગ ટ્યુબલાઈટ રોકડે થી ખરીદ કરેલ છે. સદર બીલની નકલ અરજદાર દ્વારા ફોરમ સમક્ષ રજુ કરેલ છે. સદર બાબતના વિગતવાર રેકોર્ડનો અભ્યાસ કરતા EESL દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવાઓ પર્યાપ્ત નથી તેમજ સદર બાબતનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરતા એવું જણાય છે કે ફેબ્રુઆરી-૨૦૧૭ માં અરજદાર દ્વારા ઉજાલા એપ્લાયન્સીસની રોકડેથી ખરીદ કરાયેલ ત્યારે આધારકાર્ડ આપવામાં આવેલ જેનો EESL ના જે તે સમયના કોન્ટ્રાક્ટ કર્મચારીઓ દ્વારા EESL દ્વારા રજૂ કરવામાં આવેલા ડેબીટ ઇન્વોઇસ સાથે ફરીથી ઉપયોગ કરી અરજદાર વતી પોતાની મનસુફી મુજબ સહી કરી હોય તેવી શંકા ઉપસ્થિત થાય છે. આ સંજોગોમાં EESL દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાઓ માન્ય રાખવામાં આવતા નથી. આ સંજોગોમાં EESL દ્વારા રજુ કરવામાં આવેલ અરજદારનો EMI Claim મંજુર કરી શકાય નહીં સદર કેસનો સંપૂર્ણ અભ્યાસ કરતા EESL દ્વારા રજુ કરવામાં આવેલ Claim રદ કરવામાં આવે છે.

૫.૬ ઉપરોક્ત મુદ્દા નં.૫.૫ મુજબ અરજદારના વીજબીલના ખાતામાં ઉધારેલ ઉજાલા એપ્લાયન્સીસના ચાર્જ રદ કરવાની અરજી મંજુર કરવામાં આવે છે જેથી અરજદારની EMI અંગેની રિકવરી ચાલુ હોય તો આ રિકવરી રદ કરવી તેમજ રિકવરી કરવામાં આવેલ રકમ સત્વરે વીજબીલમાં રિફંડ કરવાની પીજીવીસીએલ પક્ષકારને સૂચના આપવામાં આવે છે.

૫.૭ ઉપરોક્ત મુદ્દા નં. ૫.૬ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૫.૮ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| **(એન.એચ.જોષી)** | **(જે.બી.પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯